R.N.I. Regd. No. GUJGUJ/2022/82886

Date of Publication: 25th of Every May, August, November & February

નાપા - નડિયાદ - પાદરા દિશાવાળ સમાજનું અગ્રણી મુખપત્ર

ગુજરાતનો સમૃધ્ધ વૈશ્વિક ઉચ્ચ જ્ઞાતિનો સનાતન પરિવાર

# સદ્‌ગુણ જયતે

ત્રિમાસિક

સનાતન સદ્‌કર્મ સંસ્કાર સાહસ સમજુતી સંબંધ

Editor: KAUSHAL JAYANTILAL SHAH
Mobile : 88668 83883

SADGUN JAYATE
(QUARTERLY)

Yr: 04 ● Iss. : 04 ● Cont. Issue: 16 ● February 25, 2026 ● Page: 04 ● Price : Rs. 5-00 ● Annual Sub. : Rs.20/-

Off. : Shree Shakti Management, Lower Ground Floor, Shop No. 20, Center Point, Panchvati Cross Road, C.G. Road, Ahmedabad - 6




લગભગ લોકો આ વાતથી ખૂબ જ પરેશાન રહે છે કે તેમના હાથમાં રૂપિયા ટકતા નથી. રૂપિયા તો ઘણા બધા આવે છે પરંતુ તે ઘરમાં ટકતા નથી, કોઈ ને કોઈ કારણે તૈયારીમાં જ ખર્ચ થઈ જાય છે. જેના કારણે પરિવારને આર્થિક તકલીફો સિવાય ઘણા બધા પ્રકારની તકલીફનો સામનો કરવો પડે છે. એવામાં જ્યારે કોશિશ કર્યા પછી પણ આ બધું થવા લાગે તો તેના ઘણા બધા કારણો હોઈ શકે છે, તેમાંથી એક વાસ્તુ દોષ પણ હોઈ શકે છે.

વાસ્તુના અમુક ઉપાયો કરવાથી તમારી સમસ્યાનું સમાધાન થઈ શકે છે. વાસ્તુશાસ્ત્ર અનુસાર ઘરનો મુખ્ય દ્વાર ખૂબ જ મહત્વનો હોય છે અને તેથી જ લોકો પોતાના ઘરના મુખ્ય દ્વાર ઉપર શુભ વસ્તુઓ લગાવે છે. અને કહેવામાં આવે છે કે આ વસ્તુ અને લગાવવાથી ઘરમાં સકારાત્મક ઉર્જાનો પ્રભાવ વધે છે, અને વધારાના ખર્ચા પણ ઓછા થઈ જાય છે. તેની સાથે જ પરિવારમાં સુખ અને શાંતિ પણ રહે છે. આમ વાસ્તુશાસ્ત્ર અનુસાર ઘરના મુખ્ય દ્વાર પર અમુક વસ્તુ મૂકવાથી પરિવારમાં સમૃદ્ધિ આવે છે અને વધારાના ખર્ચા થતા નથી, આવો જાણીએ આ શુભ વસ્તુઓ વિશે...

**શુભ લાભ**

વાસ્તુશાસ્ત્ર અનુસાર આ નકારાત્મક ઉર્જાથી દૂર રહેવા માટે ઘરના મુખ્ય દરવાજાની બંને તરફ શુભ અને લાભ લખવું જોઈએ તે ખૂબ જ શુભ માનવામાં આવે છે.

**ગણેશજી**

હિન્દુ ધર્મમાં ગણપતિદાદાને પ્રથમ પૂજ્ય માનવામાં આવ્યા છે, એવામાં ઘરના મુખ્ય દ્વાર ઉપર ગણેશજીનો ફોટો લગાડવો. પરંતુ એક વાતનું ધ્યાન રાખવું કે ગણેશજીને એ રીતે લગાવો કે તેમની પીઠ બહારની તરફ હોય. અંદરની તરફ રહેવાથી ઘરમાં ધનનો અભાવ રહે છે, અને દરિદ્રતા પણ વધવા લાગે છે. ત્યાં જ અંદરની તરફ હોવાથી દરેક બાધાઓનો નાશ થાય છે અને દરેક કાર્યમાં સફળતા મળે છે.

**માતા લક્ષ્મીજીના ચરણ**

વાસ્તુશાસ્ત્ર અનુસાર માતા લક્ષ્મીજીના પગનો ફોટો ઘરના મુખ્ય દરવાજા ઉપર લગાવવાથી ધન સંપત્તિ અને સમૃદ્ધિ ઘરમાં આવે છે. ઘરના મુખ્ય દ્વાર પર દેવી લક્ષ્મીના પગ જરૂરથી લગાવો.

**સ્વસ્તિક**

વાસ્તુશાસ્ત્ર અનુસાર ઘરના મુખ્ય દ્વારના બંને તરફ લાલ સ્વસ્તિક બનાવવો ખૂબ જ શુભ હોય છે. કહેવામાં આવે છે કે સ્વસ્તિક લગાવવાથી ઘરના વાસ્તુ અને દિશા દોષ દૂર થઈ જાય છે. ત્યાં મુખ્ય દ્વારની ઉપર વચ્ચોવચ લીલુ સ્વસ્તિક બનાવો આમ કરવાથી ઘણા લોકોનું સ્વાસ્થ્ય ખૂબ જ સારું રહે છે.

**મંગળ કળશ**

મુખ્ય દ્વાર પર પાણીથી ભરેલો કળશ મૂકવાથી ઘરમાં સુખ-સમૃદ્ધિ અને સંપન્નતા આવે છે, અને વધારાના ખર્ચા ઉપર નિયંત્રણ રહે છે. તે સિવાય કોઈપણ પ્રકારની નકારાત્મક ઉર્જા ઘરમાં પ્રવેશ કરી શકતી નથી. એ વાતનું ધ્યાન રાખો કે મુખ્ય દ્વાર ઉપર મુકવાના કળશનું મુખ પહોળું અને ખુલ્લું હોવું જોઈએ.












# એક એવું જ્યોતિર્લિંગ જ્યાં અમાસના દિવસે ભગવાન શિવ અને પૂનમના દિવસે માતા પાર્વતી સ્વયં પ્રગટ થાય છે



મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગ આન્ધ્રપ્રદેશમાં કૃષ્ણા નદીના કિનારે શ્રી શૈલ પર્વત પર આવેલું છે. તેને દક્ષિણનું કૈલાશ પણ કહેવામાં આવે છે. બાર જ્યોતિર્લિંગોમાંનું એક આ જ્યોતિર્લિંગનાં માત્ર દર્શનથી ભક્તો ના દરેક પાપ નષ્ટ થાય છે.

શિવપુરાણની માન્યતા મુજબ, મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગ ભગવાન શિવ અને માતા પાર્વતી બન્ને વાસ કરે છે. મંદિરની નજીક માતા જગદંબા નું મંદિર પણ છે જે ૫૧ શક્તિપીઠોમાંથી એક છે. અહીં માતા પાર્વતી બ્રહ્મરાંબિકાના નામે ઓળખાય છે. એવું કહેવામાં આવે છે કે અહીં માતા સતીની ગરદન પડી હતી. શ્રાવણ મહિનામાં અહીં ભક્તોની ભારે ભીડ જોવા મળે છે.

●મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગ ની પૌરાણિક કથા – શિવપુરાણની કથા મુજબ, ગણેશજી અને કાર્તિકેયજીના લગ્ન બાબતે વાત થઈ રહી હતી. ત્યારે થયું એવું કે પહેલા કોના લગ્ન કરાવવામાં આવે?? ત્યારે આવી સ્થિતિમાં ભગવાન શિવ અને માતા પાર્વતીએ કહ્યું કે સૌથી પહેલા પૃથ્વીની પરિક્રમા કરીને આવે તેના લગ્ન પહેલા કરાવવામાં આવશે. કાર્તિકેયજી પોતાનું વાહન લઈને પૃથ્વીની પરિક્રમા કરવા નીકળી પડ્યા અને ગણેશજી ખૂબ જ ચતુર બુદ્ધિવાળા હતા. તેમણે પૃથ્વીની પરિક્રમા ન કરવાને બદલે માતા પાર્વતી અને ભગવાન શિવની સાત પરિક્રમા કરી. ત્યારે માતા પાર્વતી અને ભગવાન શિવ ખૂબ જ પ્રસન્ન થયા અને તેમના લગ્ન રિદ્ધિ અને સિદ્ધિ સાથે કરાવ્યા. ત્યારબાદ જ્યારે કાર્તિકેય પૃથ્વીની પરિક્રમા કરીને પાછા ફર્યા ત્યારે આ બધું જોઈને ખૂબ જ ગુસ્સે થઈ ગયા અને ક્રૌંચ પર્વત ઉપર જતા રહ્યા. પુત્રને મનાવવા માટે માતા પાર્વતી ત્યાં પહોંચ્યા, ત્યારે ભગવાન શિવ પણ દિવ્ય શિવલિંગ રૂપે ત્યાં પ્રગટ થયા અને ત્યારથી જ આ અર્જુન જ્યોતિર્લિંગ રૂપે પ્રખ્યાત થયું. આ ઉપરાંત પણ બીજી કેટલીક કથાઓ આ મંદિર વિશે કહેવાય છે. માન્યતા છે કે ભગવાન શિવ અમાસને દિવસે અને માતા પાર્વતી પૂનમના દિવસે સ્વયં આવી છે.

● દર્શન માત્રથી મળે છે અશ્વમેઘ યજ્ઞ કર્યો જેટલું ફળ – હિન્દુ ધર્મના ઘણા ગ્રંથો માં આ જ્યોતિર્લિંગ ની મહિમાના વખાણ કરવામાં આવ્યા છે. મહાભારત મુજબ, મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગ ના દર્શન માત્રથી અશ્વમેધ યજ્ઞ કર્યો જેટલું ફળ પ્રાપ્ત થાય છે. અહી દર્શન કરવાથી ભક્તોના દરેક પ્રકારનાં દુઃખ દૂર થાય છે અને તેમને અનંત સુખની પ્રાપ્તિ થાય છે.

● ગાઢ જંગલોમાંથી પસાર થાય છે રસ્તો – મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગ સુધી પહોંચવા માટે ગાઢ જંગલો માંથી પસાર થવું પડે છે. ગાઢ જંગલોને લગભગ ૪૦ કિલોમીટરનો આ રસ્તો સાંજે છ વાગ્યે બંધ કરવામાં આવે છે અને પછી સવારે છ વાગે ખોલવામાં આવે. મંદિરના રસ્તામાં જ તમને શ્રી શૈલમ ડેમ પણ જોવા મળશે, જેનું દ્રશ્ય ખુબ જ સુંદર હોય છે. શ્રાવણ મહિનામાં પ્રવાસીઓની અહીં ભારે ભીડ જોવા મળે છે.

● મંદિરમાં પ્રવેશ કરવાનો સમય – મંદિરના દ્વાર સવારે ૫ વાગ્યાથી લઈને રાતના ૧૦ વાગ્યા સુધી ખુલા રહે છે. લગભગ ૩ થી ૪ ની વચ્ચે એક કલાક મંદિર બંધ કરવામાં આવે છે અને સાંજની આરતી પછી ભક્તો માટે મંદિર પરિસર ખોલી નાખવામાં આવે છે.

● અહી આવવાનો યોગ્ય સમય અને રહેવાની વ્યવસ્થા – મંદિરમાં દર્શન તો વર્ષ દરમિયાન કરી શકાય છે પરંતુ ઓક્ટોબરથી લઈને ફેબ્રુઆરી સુધીનો મહિનો ઉતમ માનવામાં આવે છે. ખરેખર અહી ગરમી ખૂબ વધારે પડે છે. આ ઉપરાંત અહી શ્રાવણ મહિનામાં બાબાના દર્શન કરવા ખૂબ જ સુખદાયી માનવામાં આવે છે. શ્રાવણ મહિનામાં અહિ મેળાનું આયોજન પણ કરવામાં આવે છે. તેમજ, રહેવા માટે અહી દરેક હોટેલો છે જ્યાં દર્શનાર્થી રોકાય શકે છે. અહી નોન એસી રૂમ આશરે ૭૦૦ રૂપિયામાં અને એસી રૂમ આશરે ૧૨૦૦ રૂપિયામાં મળી જાય છે.

● મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગ કેવી રીતે પહોંચવું – આ મંદિર સુધી પહોંચવા માટે સૌપ્રથમ તમારે હૈદરાબાદ આવવું પડશે. ત્યારબાદ તમે અહી બસ દ્વારા મંદિરના પરિસર સુધી પહોંચી શકો છો. આ ઉપરાંત તમે તમારા નજીકના સાધનો અને પ્રાઈવેટ વાહનોનો પણ ઉપયોગ કરી શકો છો. અહીંની નજીકનું હવાઈમથક હૈદરાબાદમાં આવેલું રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ છે જે અહીંથી લગભગ ૧૫૦ કિમીના અંતરે આવેલું છે. તેમજ અહીં નજીકનો રેલવે માર્ગ હૈદરાબાદ આવેલો સિકંદરાબાદ રેલ્વે સ્ટેશન છે.

# શરીરમાં છુપાયેલી આ ૮ બીમારીઓને જડમૂળથી દૂર કરે છે નેચરોપેથી મેડીસીન



નેચરોપેથી મેડીસિન એક સિસ્ટમ છે જેમાં શરીરને તેમની જાતે સાજા કરવા માટે પ્રાકૃતિક ઉપચારનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં અલગ અલગ ઉપચાર, જડીબુટ્ટીઓ, મસાજ, એક્યુપંક્ચર, કસરત અને પોષણ સલાહનો સમાવેશ થાય છે. આ પ્રક્રિયા નવી તબીબી પદ્ધતિ નથી, પરંતુ સદીઓથી તેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આજના સમયમાં પ્રાકૃતિક ચિકિત્સા પદ્ધતિમાં ઘણા ફેરફારો કરવામાં આવ્યા છે, તેમાં કેટલીક આધુનિક વસ્તુઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રક્રિયામાં વ્યક્તિ તેના શરીર, મન અને આત્માની જેમ સંપૂર્ણ સ્વસ્થ થઈ જાય છે. ચાલો જાણીએ નેચરોપેથી દવા શું છે, તે ક્યા રોગોમાં અસરકારક છે અને તેમાં શું સામેલ છે.

## નેચરોપેથી દવા કેવી રીતે કાર્ય કરે છે?

નેચરોપેથી દવાનો ધ્યેય વ્યક્તિને સંપૂર્ણ રીતે સાજો કરવાનો છે. તેમાં વ્યક્તિના મન, શરીર અને આત્માનો સમાવેશ કરવામાં આવે છે. તેમાં કોઈપણ સમસ્યાના કારણ સુધી પહોંચવાથી, તેના મૂળને દૂર કરવામાં આવે છે, એટલું જ નહીં લક્ષણોમાં પણ રાહત આપવામાં આવે છે. નેચરોપેથી ડૉક્ટર તમારી તપાસ કરવા માટે એકથી બે દિવસ લે છે. તે તમારા સ્વાસ્થ્ય, તણાવ સ્તર અને જીવનશૈલી વિશે પૂછે છે.

ત્યારબાદ તે તમારા હેલ્થ પ્લાન વિશે ચર્ચા કરે છે. તમારા ડોક્ટર તમારું ભોજન, કસરત અને સ્ટ્રેસ મેનેજ કરવા સાથે જોડાયેલ ટિપ્સ આપી શકે છે. તે કેટલીક હોમીયોપેથી, હર્બલ દવાઓ અને એક્યુપંક્ચર વગેરેનો ઉપયોગ કરી શકે છે. શરીરમાં બેલેન્સ જાળવી રાખવા માટે તે મસાજ અને પ્રેશર વગેરેનો ઉપયોગ પણ કરી શકે છે.

## નેચરોપેથી દવા કઈ કઈ સ્થિતિમાં કામ કરે છે ?

નેચરોપેથી દવા લગભગ દરેક શારીરિક સ્થિતિઓ સારી કરવામાં મદદ કરે છે. કેટલીક શારીરિક સ્થિતિઓ જેવી સમસ્યાઓને સારી કરવામાં પ્રાકૃતિક ઉપચાર પદ્ધતિ ખૂબ મદદરૂપ છે.

- એલર્જી
- માથાનો દુખાવો
- વાંજિયાપણા સાથે જોડાયેલ સમસ્યા
- પાચનતંત્ર સાથે જોડાયેલ સમસ્યા
- સ્થૂળતા
- હોર્મોનલ અસંતુલન થવું
- લાંબા સમય સુધી શરીરમાં દુખાવો થવો
- થાક લાગવો.

કેટલાક કિસ્સાઓમાં લાઇસન્સ પ્રાપ્ત નેચરોપેથી ડોક્ટરો ઘા સારા કરવા જેવી નાની સર્જરી પણ કરી શકે છે. ઘણા ડોક્ટરો પાસે કુદરતી પ્રસૂતિ સંબંધિત માહિતી હોય છે. જો તમે બીમાર ન હો અને તમારું એકંદર સ્વાસ્થ્ય સારું રાખવા માંગતા હો તો પણ નેચરોપેથીક દવાઓનો ઉપયોગ કરી શકાય છે. જો કોઈ ઈમરજન્સી હોય જેમાં તમારે હોસ્પિટલમાં જવું પડતું હોય, તેવા સમયે તેનો ઉપયોગ કરશો નહીં.

## શું નેચરોપેથીની કોઇ આડઅસર પણ છે?

સપ્લીમેન્ટ્સ – જો તમારા ડોકટર સપ્લીમેન્ટ્સનું સેવન કરવાનું કહે છે અને તમે પહેલાથી કોઈ બીજી દવા લઈ રહ્યા છો તો તે રીએકશન કરી તમને સાઈડ ઈફેક્ટ બતાવી શકે છે તેથી પહેલાથી જ ડોકટરને તેના વિશે જણાવી દો.

## કરોડરજ્જુ ગોઠવણ

ઘણીવાર ડોકટરો તમારી કરોડરજ્જુ પર ઘણું દબાણ કરે છે. આ તમારી ધમનીઓ, ચેતા અથવા હાડકાં વગેરેને નુકસાન પહોંચાડી શકે છે. ઘણા કેસમાં તેમ કરવાથી સ્ટ્રોક પણ થઈ શકે છે.

## ડિટોક્સ આહાર

ઘણા આહારમાં તમારે લાંબા સમય સુધી ભૂખ્યું રહેવું પડી શકે છે. જો તમને ડાયાબિટીસ અથવા કોઈ અન્ય શારીરિક સ્થિતિ હોય તો તેમાં વધારે સમય સુધી ભૂખ્યા રહેવાથી હાલત ખરાબ થઈ શકે છે. તેથી તેના વિશે પણ ડોકટર સાથે જરૂર વાત કરો જેથી તમને સમય સમય પર પૌષ્ટિક આહાર મળતો રહે.

સલાહ : નેચરોપેથી દવાઓ તેમ તો તમને પૂરી રીતે સારા કરવામાં ફાયદાકારક છે, પરંતુ તેના ઘણા સાઈડ ઈફેક્ટ પણ છે. તેથી તેના વિશે ડોકટર સાથે વાત કર્યા પછી જ તેનો ઉપયોગ કરવાનો નિર્ણય લેવો જોઈએ.

★

R.N.I. Regd. No. GUJGUJ/2022/82886

Date of Publication: 25th of Every May, August, November & February



# વાંચવા જેવું ખાસ

૧. એટલા મક્કમ બનજો કે કોઈ પણ ઘટના તમારી માનસિક શાંતિ હણી ના શકે

૨. જેને-જેને મળો એ બધા સાથે વાતોનો વિષય સુખ,સ્વાસ્થ્ય અને સમૃદ્ધિ હોય

૩. તમારા મિત્રોને એવી અનુભૂતિ કરાવો કે એમની અંદર કૈંક છે.

૪. દરેક બાબતની સારી બાજુ નિહાળજો અને તમારા આશાવાદને સાચો પાડવા કોશિશ કરજો

૫. ફક્ત શ્રેષ્ઠ બાબતો જ વિશે વિચારજો, ફક્ત શ્રેષ્ઠ બાબતો પર જ કામ કરજો, અને ફક્ત શ્રેષ્ઠની જ અપેક્ષા રાખજો.

૬. બીજાની સફળતા માટે એટલા જ ઉત્સાહી રહેજો જેટલા તમે તમારી સફળતા માટે હો. જો બીજાનું સુખ જોઈને ઈર્ષ્યા થતી હોય તો એને અટકાવજો.

૭. ભૂતકાળની ભૂલો ભૂલી જઈને ભવિષ્યની વધુ મોટી સિદ્ધિઓ માટે કામે લાગી જજો.

૮. તમારા સ્વ-વિકાસમાં એટલા રચ્યા-પચ્યા રહો કે બીજાની કુથલી કરવા માટે તમારી પાસે સમય જ ના હોય

૯. ચિંતા હણી ના શકે એટલા વિશાળ બની જજો, ક્રોધ સવાર ના થઈ શકે એટલા ઉમદા બની જજો

૧૦. ભય સતાવી ના શકે એટલા શક્તિશાળી બની જજો અને વિપદાઓ નજીક ફરકી ના શકે એટલા પ્રસન્ન રહેજો!

૧૧ અણહક્કનું લેવાનો વિચાર સુદ્ધાં ન કરશો. ઈમાનદારીનું ફળ ક્યારેક તો મળે જ છે. ધીરજ ન ગુમાવશો.

# મંદિર પર ધજા શા માટે ફરકાવવામાં આવે છે, અને તેનું મહત્વ



વિવિધ મંદિરો દેવસ્થાનોમાં ધજા શા માટે ફરકે છે? એવો સવાલ આપણને ક્યારેક તો જરૂર થયો હશે!

ધજાનું આધ્યાત્મિક મહત્વ અનેરું છે. ફરકતી ધજા મંદિર માટે અગત્યની છે. ધજા મંદિરના શિખર પર એક દંડમાં ફરકતી રહે છે, વરસાદ હોય કે પવન, પણ તે ફરકવાનું ભૂલતી નથી. આપણે જુદાં-જુદાં મંદિરોમાં જુદાં-જુદાં રંગ ધજાઓના દર્શન કરીએ છીએ. ધજા બનાવવા માટે સાટિન અથવા રેશમનું કાપડ વપરાય છે. જેને સજાવવા માટે તૂઈ કે જરીનો ઉપયોગ થાય છે.

મંદિર ઉપર ધજા શા માટે ?

એનો જવાબ મંદિર નિર્માણ શાસ્ત્રમાં સોમપુરાઓએ લખ્યો છે કે, મંદિર એ દેવ શરીર સ્વરૂપ છે, એના પાયા એ પગ છે, એના પિલર ઘૂંટણ છે, ગર્ભગૃહ એનું હૃદય છે અને તેમાં બળતો દીવો આત્માનું પ્રતીક છે. જ્યારે શિખર એ મસ્તક છે અને તેના ઉપર ફરકતી ધજા એ વાળ સ્વરૂપે ફરકે છે તેવું વર્ણન છે.

બ્રહ્માંડમાંથી દેવી શક્તિને તથા સકારાત્મક તરંગોને મંદિરમાં બોલાવવા માટે ધજા એ રડાર જેવું કામ કરે છે.

દ્વારકાધીશના મંદિરમાં ચડતી બાવન ગજની ધજા ચડાવનાર ભક્તને બાવન સંયોગો તથા લાભની પ્રાપ્તિ થાય છે. આ ધજને મસ્તકે ચડાવવાથી ચિંતામુક્તિનો અનુભવ થાય છે. બાવન ગજની ધજાનો અર્થ આ પ્રમાણે છે, ૪ દિશા, ૧૨ રાશિ, ૯ ગ્રહો, ૨૭ નક્ષત્રોનો સરવાળો ૫૨ થાય છે. જેથી એવું કહેવાય છે કે, કોઈપણ મંદિરના દર્શને જઈએ ત્યારે ધજાના દર્શન અવશ્યથી કરવા જોઈએ. ધજાના મનોરથથી ભક્તના મનમાં કાયમી અલૌકિક મીઠી યાદ રહે છે. ધજા

“સદ્‌ગુણ જયતે” ત્રિમાસિકમાં છપાયેલા સમાચારો, લેખો, રચનાઓ અને ફોટોગ્રાફ વગેરે સાથે તંત્રીનું સહમત હોવું જરૂરી નથી.

● Printer, Publisher & Owned by ●
Kaushal Jayantilal Shah, and

● Printed at Shri Ganesh Offset, A/6, Subh Labh Estate, Tavdipura, Dudheshwar, Ahmedabad 380 004, and

● Published from ●
Shree Shakti Management, Lower Ground Floor, Shop No. 20, Center Point, Panchvati Cross Road, C.G. Road, Ahmedabad- 380 006

● Editor : Kaushal Jayantilal Shah

To,

BOOK-POST